શાળોપયોગી સ્તુતિ સંગ્રહ



સંપાદક અને સંચાલક

મગનભાઈ કિશોરભાઈ પટેલ

સ્કુલ માસ્તર

જીંજા (યુગાન્ડા)

શાળોપયોગી સ્તુતિ સંગ્રહ

સંગ્રાહક અને પ્રકાશક

મગનભાઇ કિશોરભાઇ પટેલ

સ્કુલ માસ્તર

જીંજા (યુગાન્ડા)

આવૃત્તિ ૧ લી | સંવત્ ૧૯૮૬

પ્રત ૧૦૦૦ | સને ૧૯૩૦

અનુક્રમણિકા

૧	મંગળાચરણ	ૐ શ્રી સચ્ચીદાનંદ
૨	સરસ્વતી સ્તુતિ	વંદુશ્રી શારદા
૩	ઇશ્વરસ્તુતિ	સૃજેલાં શ્રી
૪	પ્રાર્થના	ઓ...મ જય ગુરૂવર
૫	પ્રભુ પ્રાર્થના	પ્રિયકર પ્રભુ
૬	ઇશ્વરસ્તુતિ	નમીએ વારંવાર
૭	આપની યાદી	જ્યાં જ્યાં નજર
૮	ઇશ્વરસ્તુતિ	પ્રભુ નમીએ પુરી પ્રીતે
૯	વંદે માતરમ્	
૧૦	પ્રભુ પ્રાર્થના	સુંદર શિવ મંગળ
૧૧	,,	ધરો પ્રભુનું ધ્યાન
૧૨	બાળ પ્રાર્થના	સૌનું કરો કલ્યાણ
૧૩	પ્રભુ પ્રાર્થના	પ્રભો અંતર્યામી
૧૪	પ્રાર્થના	પ્રણેતા પ્રભુ
૧૫	સ્વદેશ સેવા	જો મરણ આ જીંદગીની
૧૬	,,	કદી પરમાર્થના કામે
૧૭	પ્રભુ ભજન	શ્રી રામચંદ્ર કૃપાળુ
૧૮	પ્રભુ નમસ્કાર	પ્રભુ તને સદા સદા

બે બોલ

પ્રાથમિક શાળાના ઉપલા ધોરણના છોકરાઓ માટે સ્તુતિના સંગ્રહ તરીકે આ પુસ્તક યોજવામાં આવ્યું છે.

મગનલાલ કિશોરભાઈ પટેલ
જીંજા પો. બો. નં. ૭૧, યુગાન્ડા

શાળોપયોગી સ્તુતિ સંગ્રહ

૧

મંગળાચરણ

ૐ શ્રી સચ્ચિદાનંદ સ્વરૂપ
પૂરણ પર બ્રહ્મ રૂપ ૐ શ્રી૦
શબ્દનાદ બ્રહ્મરૂપ (૨)
તેજોમય ભૂમન રૂપ
વ્યાપક ચેતન બ્રહ્મરૂપ (૨)
જગત આધિ ભૌતિકરૂપ
આધ્યાત્મિક બ્રહ્મ રૂપ
આનંદ આધિ દૈવીકરૂપ ૐ શ્રી૦
(સને ૧૯૨૮ સાહિત્ય પરિષદ નડીઆદ)

૨

સરસ્વતી સ્તવન

રાગ—કલ્યાણ

(૧) વંદુ શ્રી શારદા
જન મન રંજનિ અખિલ નિરંજની
શિર રસ પોષક થા થા થા—વંદુ શ્રી૦

(૨) અશરણ શરણી કરૂણા કરણી
અભરણ ભરણી અમૃત ઝરણી
પરમ પ્રેમ પય પા પા પા—વંદુ શ્રી૦
(૩) ચરણ વંદીએ ચિત નિત ચાહીએ
હર્ષિત થઇએ તુજ ગુણ ગાઈએ
વિજય વિજય જય જય વરદા—વંદુ શ્રી૦

૩

ઇશ્વર સ્તુતિ

રાગ ગઝલ

સૃજેલાં શ્રી પ્રભુજીએ, મનુષ્યો સર્વ સરખાં છે (૨)
નથી કોઇ ઉંચ કે નીચાં, જીવન તો સૌનાં સરખાં છે (૨)
પ્રભુજીની જગત વાડી, તણાં પુલડાં સહુ જીવો (૨)
સુગંધીથી ભરેલાં તે, સમજીએ તોએ સરખાં છે (૨)
વિષમ આ વિશ્વનો વાયુ, કરે જીવ ક્રોધીને ઘેલાં (૨)
નમન હર દોષ માનવતો, સકળ આત્માઓ સરખા છે (૨)

૪

પ્રાર્થના

રાગ શંકરાભરણ

ઓ....મ જય ગુરૂવર વંદન, ઓ....મ જય જગદીશ વંદન
શમ, શ્રદ્ધા, શુભ શાન્તિ દેજે, વર્તન શ્રેષ્ઠ થવા કહુ કે'જે

દુઃખ, ડર, જે; હરિ! હરજે, સુખ કરજે —ઓ....મ૦
ભીડ ભંજન ભૂધર ભર ભાવે, સાગર શ્યામ સુવિદ્યા કા'વે
અહીં રમીને, કંઈ ખમીને, લઈ અમીને —ઓ....મ૦
નાથ! નામ છે અધમ ઉધારી, તું ભવસાગર પાર ઉતારી
ગુણ ભરી દે, અરિ હરી દે, હરિ કરી દે —ઓ....મ૦
આત્મ જ્યોત અમપૂર્ણ પ્રકાશે, સ્વાશ્રયના સ્વામી પણ પાસે
કળી કળીને, હળીમળીને, લળી લળીને —ઓ....મ૦
નારાયણ, નટવર, બહુનામી, અમ આશયના અંતરયામી
સ્મરતાં સરવે 'શામ'ના સુરવે —ઓ....મ૦

"શામ"

૫

પ્રભુ પ્રાર્થના

(રાગ–કલ્યાણ ત્રિતાળ.)

પ્રિયકર પ્રભુ પ્રણમું આપને (૨)
સ્મરી તુજ પૂણ્ય પ્રતાપને;
પ્રભુ સ્મરી તુજ પૂણ્ય પ્રતાપને. પ્રિયકર૦
મળ બુદ્ધિ વિભુ અતિ આપી (૨)
સ્થાપો સુનીતિ છાપને;
પ્રભુ સ્થાપો સુનીતિ છાપને. પ્રિયકર૦

દયા દૃષ્ટિ અમ ઉર વિકશાવી (૨)
સ્ફુરાવો સમ ભાવને;
પ્રભુ સ્ફુરાવો સમ ભાવને. પ્રિયકર૦

જન સેવાનો મંત્રજ આપી (૨)
કર નિર્મળ અમ કાયને;
પ્રભુ કર નિર્મળ અમ કાયને પ્રિયકર૦

૬

ઇશ્વર સ્તુતિ

નમીએ વારંવાર, પ્રભુજી તને નમીએ વારંવાર. (૨)
પ્રાણી પશુને તેજ બનાવ્યાં, (૨)
ઝાડ પાન નર નાર. પ્રભુજી તને૦

અન્નદાન પાણી દઇ જગમાં; (૨)
પ્રેમે પાલનહાર પ્રભુજી તને૦

કીડી કણુ કુંજર ને રાજા (૨)
રંકનો સરજનહાર. પ્રભુજી તને૦

પૂજ્ય પિતા સાંભળ આ અરજી, (૨)
અવગુણો અમ માર. પ્રભુજી તને૦

નિજ પુત્ર ધારી પ્રભુજી મુજને, (૨)
ભવ સાગરથી તાર. પ્રભુજી તને૦

પ્રેમે નમું તુજ ચરણુ કમળને, (૨)
તું છે જગત આધાર. પ્રભુજી તને૦

૭

ઇશ્વર પ્રાર્થના

આપની યાદી

જ્યાં જ્યાં નજર મારી ઠરે; યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીંએ આંખથી; યાદી ઝરે છે આપની.

જોઉં અહીં ત્યાં આવતી; દરીઆવની મીઠી લહેર,
તેની ઉપર ચાલી રહી; નાજુક સવારી આપની.

તારા ઉપર તારા તણાં; ઝુમી રહ્યાં જે ઝુમખાં,
તે યાદ આવે આંખને; ગેબી કચેરી આપની.

આકાશથી વર્ષાવતા છો; ખંજરો દુશ્મન બધાં,
યાદી બનીને ઢાલ; ખેંચાઇ રહી છે આપની.
દેખી બુરાઇ ના ડરૂં હું; શી ફીકર છે પાપની,
ધોવા બુરાઇને બધે; ગંગા વહે છે આપની.
ભૂલી જવાતી છો બધી; લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને; જો એક યાદી આપની.
કિસ્મત કરાવે ભૂલ તે; ભૂલો કરી નાખું બધી,
છે આખરે તો એકલીને; એજ યાદી આપની.

(કલાપી)

૮

ઇશ્વર સ્તુતિ

રાગ ગઝલ

પ્રભુ નમીએ પૂરી પ્રીતે, સુખી કર તું સુખી કર તું
સ્તુતિ કરીએ રૂડી રીતે, સુખી કર તું સુખી કર તું.
બનાવી તેં બધી દુનીઆ, બનાવ્યા તેં ઉંડા દરીઆ;
સૂરજ ને ચંદ્ર ઝગમગીઆ, સુખી કર તું સુખી કર તું.
વળી આકાશમાં તારા, ઘણું ઉંચેજ ફરનારા;
બનાવ્યા તેં પ્રભુ આરા, સુખી કર તું સુખી કર તું.
જગત આખા ઉપર તારી, નજર ફરતી રહે સારી;
અમારાં કામ જોનારી, સુખી કર તું સુખી કર તું.
બધાં એ પાપ બાળીને, વળી બુધ્ધિ રૂપાળી છે;
નમીએ હાથ જોડીને; સુખી કર તું સુખી કર તું.

૯

મંત્ર. વંદેમાતરમ

શુધ્ધ સુંદર અતિ મનોહર, મંત્ર વંદેમાતરમ્
મૃદુલ સુખકર દુઃખહારી, મંત્ર વંદેમાતરમ
મંત્ર પર છે તંત્ર પર છે, જંત્ર વંદેમાતરમ્

સિદ્ધિદાયક બુદ્ધિદાયક, એક વંદેમાતરમ
ઓજ મય બળ કાંતિમય, શુખ શાંતિ વંદેમાતરમ
મતિ પ્રદાયક અતિ સહાયક, મંત્ર વંદેમાતરમ્
હરઘડી હરબાર હો હર, નામ વંદેમાતરમ્
હરદમ હંમેશાં બોલીયે ગુરૂ, મંત્ર વંદેમાતરમ્
જપીએ નિરંતર શુધ્ધ મનસે, મંત્ર વંદેમાતરમ્
સોતે સમય ખાતે સમય, કલગાન વંદેમાતરમ્
આઠે પ્રહર દિલમેં રહે મૃદુતાન વંદેમાતરમ્
મુખસે હૃદયસે રાતદિન હો, જાપ વંદેમાતરમ્
તેગસે શીર ભી કટે ભૂલો ન વંદેમાતરમ્
માતકા ઘડીયાં ગુંજાદો, નાદ વંદેમાતરમ્
જેલમેં હો તો જપો શુભ જાપ વંદેમાતરમ
બેડીયાં ઝંકાર શુભ તાન વંદેમાતરમ્
બંદુક ગોળા તોપકા હૈ આડ વંદેમાતરમ્
તેગ બરછી કે લીયે હૈ ઢાલ વંદેમાતરમ્
કર્ણકા દૃઢ કવચ હૈ એક શબ્દ વંદેમાતરમ્
વિશ્વ વિજયી શત્રુ વિજયી મંત્ર વંદેમાતરમ

૧૦

પ્રભુ પ્રાર્થના

(રાગ–શંકરાભરણુ)

સુંદર શિવ મંગળ ગુણુ ગાઉં મહેશ્વરા;
વિભુવર ભવ ભય હારક, નમું મહેશ્વરા.–સુંદર શિવ૦

મધુર કુસુમ વિષે રમે ગંધ સુંદરા,
કૌમુદી મુદ પ્રદા, ઉષા મનોહરા.
સહુમાં.......હસતી....વસતી.....પ્રતિપૂલિતા,
શી લલિતા—સુંદરતા તુજ જગદ્ધરા–સુંદર શિવ૦

વિપ્રલંભી વિષય મોહીની મધુસ્વરા.... ...
દિવ્ય ધામ પંથ જાતાં આવી વિષધરા......
વિપથ દોરવા મથે, અહો દયા કરા !
ક્ષણુને....હૃદયે....બળદે...કર ધરી આ.......
પરિહરવા.......મધુર આ મોહની સુરા.–સુંદર શિવ૦

વ્યાપિ દમે સત્ય દૃષ્ટિ, ઘન તિમિર કરા,
તે સમે વિશુદ્ધ પ્રેરી, જ્ઞાન રવિ કરા;
કરૂણા ધરીને—-ફરીને—-હરી તમને,
સ્રધ મને--મન ગગને—શાન્તિ દે સ્થીરા.–સુંદર શિવ૦

શ્રીયુત નરસિંહરાવ.

૧૧

પ્રભુ પ્રાર્થના

(રાગ ધનાશ્રી)

ધરો પ્રભુનું ધ્યાન, બાળ સહુ ધરો પ્રભુનું ધ્યાન.
સવારમાં વહેલા ઉઠીને, લેજો પ્રભુનું નામ—બાળ૦
પાયે લાગી માતપિતાને, કરવા પાઠો જાણ—બાળ૦
વખત થયે શાળાએ જાવું, કરો ગુરૂને પ્રણામ—બાળ૦
મહેતાજીની માની શિક્ષા, લેજો વિદ્યા દાન—બાળ૦
વિદ્યા લીધે સુખીયાં થાશો, કરશો રૂડાં કામ—બાળ૦
એ રીતે જે બાળક કરશે, તેનું થશે કલ્યાણ—બાળ૦

૧૨

બાળ પ્રાર્થના

(રાગ ધનાશ્રી)

સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ. ટેક૦
માણસ પશુ પંખીની સાથે (૨) જંતુ જીવ તમામ.
દયાળુ પ્રભુ૦ ૧.
જગના વાસીઓ સૌ સુખ ભોગવે (૨) આનંદ આઠે જામ
દયાળુ પ્રભુ૦ ૨.

દુનિયામાં દદ દુકાળ પડે નહિ (૨) લડે નહિ કોઇ ગામ
દયાળુ પ્રભુ૦ ૩.

સર્વ જગે સુખકારી વધે ને (૨) વળી વધે ધન ધાન્ય
દયાળુ પ્રભુ૦ ૪.

કોઇ કોઇનું બુરૂં ન ઇચ્છે (૨) સાૈનું ઇચ્છે સાૈ સમાન
દયાળુ પ્રભુ૦ ૫.

પોત પોતાના ધર્મ પ્રમાણે (૨) સર્વ ભજે ભગવાન.
દયાળુ પ્રભુ૦ ૬.

મણીશંકર ભટ્ટ

૧૩

પ્રભુ પ્રાર્થના

(શિખરિણી)

પ્રભો અંતર્યામી, જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિત કરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું હું વંદું હું. વિમલપ્ખ સ્વામી જગતના. ૧

સહુ અદ્દભુતોમાં, તુજ સ્વરૂપ અદ્દભુત નીરખું,
મહા જ્યોતિ જેવું, નયન શશી ને સૂર્ય સરખું;

દિશાની ગુફાઓ, પૃથિવી ઉંડું આકાશ ભરનો,
પ્રભો તે સૌથી એ, પર પરમ તું દૂર ઉંડતો. ૨

અસત્યો માંહીથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું, હીણો હું છું તો, તુજ દર્શનનાં દાન દઈ જા. ૩

નાનાલાલ

૧૪

પ્રાર્થના

(ભુજંગી છંદ)

પ્રણેતા પ્રભુ! વિશ્વના એક આપ,
સહુ પ્રાણીના છો કૃપાવન્ત બાપ;
અમો રંકને ભૂલમાંથી બચાવો,
સદા અંતરે આપણી યાદી લાવો. ૧

કરૂં આપની કીર્તિનું સત્ય ગાન,
ધરૂં આપની મૂર્તિનું નિત્ય ધ્યાન;
પ્રભુ હોરજો સત્ય માર્ગે સહાય,
નમી પ્રાર્થના એટલી બાળ ગાય. ૨

કૃષ્ણરામ સાહ

૧૫

સ્વદેશ સેવા

જો મરણ આ જીંદગીની છે અરે છેલ્લી દશા......છે
અરે છેલ્લી દશા.
તો પરાર્થે અર્પવામાં આ જીવનના મોહ શા........આ
જીવનના મોહ શા.
ખીલી કળી કરમાય છે પુષ્પો મૂકે પણ વાસના(૨)
અમર નર તો તે ખરા જે અમર કરતા વાસના(૨)....જો
મરણ........મોહ શા.
મારા તમે પરમાત્મા, હું છું તમારો આ....ત્મા(૨)
પરમાત્માને શરણે જતાં કૃત્ય કૃત્ય થાતો આત્મા(૨)....જો
મરણ.......મોહ શા.

૧૬

સ્વદેશ સેવા

ગઝલ

કદી પરમાર્થના કામે ગયો આ જાન તો એ શું ?
અને માતૃભૂમિ અર્થે ગયો આ જાન તો એ શું ?
દુ:ખી દીલનાં દરદ હરતાં ગયાં ધન ધામ તો એ શું ?

પ્રપંચી સ્વાર્થ માળામાં રહ્યું ના નામ તો એ શું ?
ખિતાબો રાજ્ય દરબારિ કદી ના મેળવ્યા તો એ શું ?
અને ખુશામદો કરવા જીગર ના કેળવ્યા તો એ શું ?
ન હોર્યો ખોફ ખુદાનો કરી શક્તિ મુજબ ભક્તિ ?
ભલે આલમ બધી બકતી અમારે કામ તેનું શું ?

૧૭

પ્રભુ ભજન

(રળિઆમણી ગુજરાત જોવા જોગ—એ રાગ)

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણુ ભવ ભય દારૂણું
નવકંજ લોચન કંજ મુખકર કંજ પદ કંજારૂણું
કંદર્પ અગણિત અમિત છબી નવનીલ નીરજ સુંદરં
પટપીત માન હું તડીત રૂચી સુચી નૌમી જનક સુતાવરં
શિર કિરિટ કુંડળ તિલક ચારૂ ઉદાર અંગ વિભુષણુ
આજાનું ભુજ શર ચાપ ધર સંગ્રામ જીત ખર દુષણું
ભજ દિન બંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં
રઘુનંદ આનંદ કંદ કૌશલ્ય ચંદ્ર દશરથ નંદનં
ઈતિ વદિત તુલસીદાસ શંકર શેષ મુનિમન રંજનં
મમ હૃદય કંજ નિવાસ કરી કામાદી ખલદલ ગંજનં


૧૮

પ્રભુને નમસ્કાર

(રાગ–ભૈરવી)

પ્રભુ તને સદા સદા, ખુશી થઇ નમું નમું;
હરૂં ફરૂં હમેશ હું, તનેજ કેમ વિસરૂં.–પ્રભુ તને૦
જમીન પાણી વાયરો, વનસ્પતિ જનાવરો;
અનાજ ઘાસ તેં કર્યાં, અનેક રંગ આદર્યાં.–પ્રભુ તને૦
સુખી થવા કર્યું સહુ, ભલો ન કેમ થાઉં હું;
ભૂલોની માફ માગી હું, તને સદા નમું નમું.–પ્રભુ તને૦

(ગુ. શાળાપત્ર)



પ્રકાશકઃ—મગનભાઇ કિશોરભાઇ પટેલ સ્કુલ માસ્તર જીંજા (યુગન્ડા)
મુદ્રકઃ—રતિલાલ બાળકૃષ્ણ ત્રિવેદી
મુદ્રણસ્થાનઃ—સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, ભટવાડી પોળ પાસે-ઉમરેઠ.